એસસીડબલ્યુ-3 0 સમરસ કુમાર છાત્રાલય, અમરેલી ખાતેના મકાન બાંધકામનાં રૂ.૩૮.૬૪/-કરોડના બ્લોક એસ્ટીમેટને વહીવટી મંજૂરી આપવા તથા બજેટ બૂકમાં મંજૂર થયેલ રૂ.૯.૯૦/- કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/SHC/e-file/17/2025/1018/K
સચિવાલય, ગાંધીનગર
તા.As Per e-sign.

વંચાણમાં લીધા:
(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: SJED/SHC/e-file/17/2024/2776/K Section
(૨) નિયામકશ્રી(અ.જા.ક.) નો તા.૦૫/૦૮/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૩/સછા/૨૫-૨૬/૪૬૨૯

**પ્રસ્તાવના:**

આ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક - ૧ પરના તા.૦૮/૦૪/૨૦૨૫ ના ઠરાવથી (૧)સમરસ કુમાર છાત્રાલય, સુરેન્દ્રનગર (૨) સમરસ કુમાર છાત્રાલય, બારડોલી, જિ.સુરત (૩) સમરસ કુમાર છાત્રાલય, જુનાગઢ (૪) સમરસ કુમાર છાત્રાલય, અમરેલી (૫) સમરસ કુમાર છાત્રાલય, વલસાડ (૬) સમરસ કુમાર છાત્રાલય, અમદાવાદ (યુનિટ-૨) (૭)સમરસ કુમાર છાત્રાલય, સુરત (યુનિટ-૨) (૮) સમરસ કુમાર છાત્રાલય, રાજકોટ (યુનિટ-૨) તથા (૯) સમરસ કુમાર છાત્રાલય, વડોદરા (યુનિટ-૨) ના રજુ થયેલ બ્લોક અંદાજ સામે બજેટમાં સંબંધિત છાત્રાલયનાં બાંધકામ માટે મંજૂર થયેલ નવી બાબતની જોગવાઈની રકમ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકના (૧) નાં તા.૦૮.૦૪.૨૦૨૫ ના ઠરાવમાં ઠરાવ્યા અનુસાર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સમરસ કન્યા છાત્રાલય, અમરેલીનાં બ્લોક એસ્ટીમેટ રજૂ કરેલ ન હોવાથી બજેટમાં મંજૂર રૂ.૯.૯૦/- કરોડની સામે નાણાં વિભાગ દ્વારા ટોકન જોગવાઈ લેખે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સમરસ કુમાર છાત્રાલય, અમરેલીનાં બ્લોક એસ્ટીમેટ મળ્યેથી તેને સુધારેલ વહિવટી મંજૂરી અર્થે રજુ કરવાનાં રહેશે તે મુજબ ઠરાવવામાં આવેલ હતુ.

આ અનુસંધાને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનાં વંચાણે લીધેલ ક્રમાંક - (૨) ના પત્ર દ્વારા અમરેલી ખાતેનાં સમરસ કુમાર છાત્રાલય, અમરેલી મકાન બાંધકામ માટેના રૂ.૩૮.૬૪/-કરોડના બ્લોક એસ્ટીમેટને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વક વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સમરસ કુમાર છાત્રાલય, અમરેલીના બાંધકામ માટે મોકલી આપવામાં આવેલ રૂ.૩૮.૬૪/- કરોડના બ્લોક અંદાજને તથા તા.૦૮.૦૪.૨૦૨૫ ના ઠરાવમાં સમરસ કુમાર છાત્રાલય, અમરેલીના બાંધકામ માટે ટોકન જોગવાઇ લેખે મંજૂર કરવામાં આવેલ રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાને સ્થાને બજેટમાં મંજૂર થયેલ રૂ.૯.૯૦/-કરોડ ખર્ચ કરવાની બાબતને આ વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૫ માં દર્શાવેલ નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરી દ્વારા તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
(૨) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૩) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરી દ્વારા સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
(૪) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
(૫) જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુનઃ વસન વગેરે કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
(૬) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે

જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
(૭) આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના **Linkages**ની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
(૮) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૯) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
(૧૦) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
(૧૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૨) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૧૩) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૪) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરી દ્વારા તકેદારી રાખવાની રહેશે.
(૧૫) જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરી દ્વારા તકેદારી રાખવાની રહેશે.
(૧૬) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
(૧૭) પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે Operation and Maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
(૧૮) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૧૯) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરી દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૨૦) સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત લોન કે કેન્દ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
(૨૧) સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
(૨૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
(૨૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૨૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
(૨૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૨૭) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઈ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઈ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનું આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.
(૨૮) Road and Building Department Resolution No. RBD/OAS/e-file/16/2022/0002/Section-C તા.૧૧/૧૦/૨૦૨૩

પ્રસિદ્ધ થયેલ Standard Bidding Document (SBD) પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર-૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૨, SCW-30 સમરસ કુમાર છાત્રાલયોના મકાનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬-૦૨-૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

**માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.**

**માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.**

**અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.**

**નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.**

**એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.**

**પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.**

**તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.**

**નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.**

**સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)**

**સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.**

**સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ**

**સિલેક્ટ ફાઇલ-૨૦૨૬**

Signature Not Verified
Signed by:Kaushal C Langhnoda
Section Officer InCharge
Date:2026.04.02
11:40:38 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign